## જન્મદિને વધામણી



મહેશકુમાર ડાહ્યાલાલા રાવલ
ફોન : ૨૩૨૩૩૦૬૭



ડાહ્યાભાઈ એસ મકવાણા
નિવૃત્ત સેક્શન ઓફિસર
મો. ૯૯૯૮૮ ૧૦૬૮૯



આર જી મિસ્ત્રી
નિવૃત્ત સેક્શન ઓફિસર
મો. ૯૯૭૯૦ ૯૮૪૦૯



ભાવનાબેન શાહ
મો.૯૯૭૮૪ ૫૬૫૦૬



ડો. આનંદ બી પ્રજાપતિ
મો. ૯૮૨૪૫ ૫૫૧૯૭

# ધો. ૧૨ સાયન્સમાં બે વિષયમાં નાપાસ વિદ્યાર્થી પૂરક પરીક્ષા આપી શકશે

### આજે વિદ્યાર્થીઓની નવી યાદી બૉર્ડ દ્વારા મોકલાશે

ગાંધીનગર, તા.૩૦

ધોરણ-૧૨ સાયન્સની જુલાઈમાં લેવાનારી પૂરક પરીક્ષા માટે બોર્ડે અગાઉ મોકલેલી યાદી રદ ગણવાની સૂચના અપાઈ છે. અગાઉ એક વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓ જ પૂરક પરીક્ષા આપી શકે તેવું નક્કી થયું હોઈ તે પ્રમાણેની યાદી બોર્ડે મોકલી હતી. જોકે, હવે બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પણ પૂરક પરીક્ષામાં બેસી શકે તેવો નિર્ણય લેવાયો હોવાથી ૩૧ મેના રોજ બોર્ડ દ્વારા પરીક્ષામાં ઉપસ્થિત થવા પાત્ર વિદ્યાર્થીઓની નવી યાદી સ્કૂલોને મોકલવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૮માં લેવાયેલી ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષામાં એક વિષયમાં નાપાસ થયેલા અને જુલાઈની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવાને પાત્ર વિદ્યાર્થીઓની યાદી સ્કૂલો મોકલી આપી હતી. જોકે, ત્યારબાદ બોર્ડ દ્વારા એક વિષયના બદલે બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાનું નક્કી કરાયું હોઈ અગાઉ મોકલવામાં આવેલી યાદી રદ ગણવા માટે સ્કૂલોને આદેશ કરાયો છે. હવે બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા બોર્ડ દ્વારા લેવાશે ત્યારે બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓની યાદી પુનઃ તૈયાર કરી સ્કૂલોને મોકલવામાં આવશે..

બોર્ડ દ્વારા સાયન્સની જુલાઈમાં લેવાનારી પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવાને પાત્ર વિદ્યાર્થીઓની યાદી સામાન્ય પ્રવાહના પરિણામ સાથે ૩૧ મેના રોજ જિલ્લાના વિતરણ કેન્દ્ર ઉપરથી વિતરણ કરાશે. સ્કૂલોએ યાદી મેળવ્યા બાદ એક વિષયની રૂ. ૧૫૦ અને બે વિષયની રૂ. ૨૫૦ પ્રમાણે પરીક્ષા ફીના ડિમાન્ડ ડ્રાફ્ટ સાથેની ફાઈલ ૧૨ જૂન સુધીમાં બોર્ડની કચેરીમાં રૂબરૂ મોકલી આપવાની રહેશે.

જુલાઈની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થનારા વિદ્યાર્થીઓ તથા દિવ્યાંગ ઉમેદવારોને સરકાર દ્વારા પરીક્ષા ફીમાંથી મુક્તિ આપી છે. જેથી વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓની ફી લેવાની થતી ન હોવાનું બોર્ડ દ્વારા જણાવાયું હતું.

### ગુજરાતી ભાષાના ચાહકોએ ચિંતા કરવા જેવી હકીકત

# ગુજરાતમાં ગુજરાતી ભાષામાં એક લાખ વિદ્યાર્થીઓ નાપાસ

### ગુજરાતી વિષયનું પરિણામ ૮૪.૭૫ ટકા : ધોરણ-૧૦માં દર વર્ષે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષામાં જ નાપાસ થાય છે

અમદાવાદ, તા.૨૯

ધોરણ-૧૦ના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલાં પરિણામોમાં એક હકીકત એવી પણ બહાર આવી છે જેના કારણે ગુજરાતી ભાષાના ચાહકોને ચિંતા કરવી પડે. ધોરણ-૧૦ના પરિણામમાં ગુજરાતી માધ્યમના ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયમાં જ નાપાસ થયા છે.

ગુજરાતી વિષયનું પરિણામ ૮૪.૭૫ ટકા રહયુ છે જ્યારે આ વર્ષે ગણિતનું પેપર અઘરુ રહેતા સૌથી વધુ ગણિત વિષયમાં ૨.૫૦ લાખથી વધુ વિદ્યાર્થી નાપાસ થયા છે. ધો. ૧૦માં દર વર્ષે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ગુજરાતી ભાષામાં જ નાપાસ થાય છે.

દર વર્ષે ૧થી૨ લાખ જેટલા વિદ્યાર્થીઓ સરેરાશ ગુજરાતી વિષયમાં નાપાસ થાય છે. ત્યારે આ વર્ષે ગુજરાતી માધ્યમના ૧૦૬૬૭૮ વિદ્યાર્થી ગુજરાતી પ્રથમ ભાષા વિષયમાં નાપાસ થયા છે. આ વર્ષે ગણિત અને વિજ્ઞાન વિષયમાં સૌથી વધુ વિદ્યાર્થી નાપાસ થયા છે.

આ વર્ષે ગણિતમાં સૌથી વધુ ૨.૫૦ લાખથી વધુ નાપાસ થયા છે જે ગત વર્ષે ૨.૩૮ લાખથી વધુ હતા.આ વર્ષે વિજ્ઞાનમાં ૨.૨૫ લાખથી વધુ નાપાસથયા છે અને જે ગત વર્ષે ૨.૨૩ લાખથી વધુ હતા. જ્યારે આ વર્ષે ગત વર્ષની સરખામણીએ સમાજવિદ્યા વિષયમાં ઓછા વિદ્યાર્થી નાપાસ થયા છે.

મહત્વનું છે કે આ વર્ષે ગણિત વિષયનું પેપર અઘરુ રહ્યું હોઈ સરકારના સૂચનાથી ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ૧૪ માર્કસ સુધીનું ગ્રેસિંગ પણ અપાયુ છે તેમ છતાં ગણિતમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જયારે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયમાં જ મોટી સંખ્યામાં નાપાસ થતા હોઈ સરકાર દ્વારા ગુજરાતી ભાષાને બચાવવા માટે હવે ગુજરાતી વિષય સ્કૂલ-કોલેજોમાં ફરજિયાત કરવા નિર્ણય કરાયો છે.જો કે તેમ છતાં ગજુરાતી વિષયમા ૧લાખથી વધુ નાપાસ થયા છે. જો કે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં પણ ૨ લાખથી વધુની સંખ્યામાં નાપાસ થયા છે.

# જીટીયુના વિદ્યાર્થીઓ એઆઈ અને ડીપ લર્નિંગની તાલીમ મેળવશે

### વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ઈન્ટર્નશીપ કરવાની તક પ્રાપ્ત થશે

ગાંધીનગર, તા.૩૦

આજના ફાસ્ટ યુગમાં હરણફાળ ભરતી ટેક્નોલોજીની સાથે કદમ મિલાવી શકે તેના માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી બ્રિટનની ન્યૂટન ભાભા ફંડ અંતર્ગત રોયલ એકેડમી ઓફ એન્જીનિયરીંગ તેમજ બેનેટ યુનિવર્સિટીના રિસર્ચ પ્રોજેક્ટ કાર્યક્રમમાં ઝોનલ લીડ પાર્ટનર બન્યું છે. એટલા માટે હવે જીટીયુના પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓને આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ અને ડીપ લર્નિંગની તાલીમ પ્રાપ્ત થઈ શકશે. તો આ સાથે જ વિદ્યાર્થીઓને સુપર કોમ્પ્યુટર ધરાવતી લેબમાં કોઈપણ પ્રકારની ફી લીધા વિના ઈન્ટર્નશીપ કરવાની પણ તક પ્રાપ્ત થશે.

જીટીયુના વાઈસ ચાન્સેલર પ્રોફેસર નવીન શેઠે જણાવ્યું કે આ પ્રોજેક્ટ અંતર્ગત આરોગ્ય, કૃષિ, સ્પેસ રિસર્ચ, સાયબર સિક્યુરિટી, શિક્ષણ, વિડીયો પ્રોસેસીંગ, ઓડિયો અને નેચરલ લેંગ્વેજ પ્રોસેસીંગ, બિઝનેસ, બૅન્કીંગ, ગુનાખોરી ડામવી, સોશિયલ મિડીયા એનાલિટીક્સ, મનોરંજન, માનવ મગજ અને કૉમ્પ્યુટર વચ્ચે સમન્વય તથા નેટવર્ક સિમ્યુલેશન વગેરે ક્ષેત્રોમાં મોટાપાયે સંશોધનો હાથ ધરવામાં આવશે. આના માટે ભારતભરમાંથી ૧૦૦ ઝોનલ લીડ પાર્ટનર નક્કી કરવામાં આવ્યા છે. આ ઝોનલ લીડ પાર્ટનરમાં જીટીયુની પસંદગી કરવામાં આવી છે. આ યોજના હેઠળ જીટીયુના પાંચ પ્રાધ્યાપકોને આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ અને ડીપ લર્નિંગની લેટેસ્ટ તાલીમ આપવામાં આવશે. પછીથી તેઓએ પોતાના ઝોનલ લીડ સેન્ટરમાં તાલીમ આપીને પ્રોફેસરોને તૈયાર કરવાના રહેશે. તાલીમ પામેલા પ્રોફેસરો પોતપોતાની કૉલેજોમાં વિદ્યાર્થીઓને આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ અને ડીપ લર્નિંગની તાલીમ આપશે. તેમાંથી નિપુણતા મેળવી વિદ્યાર્થીઓને નોઈડા સ્થિત સુપર કૉમ્પ્યુટર ધરાવતી અત્યાધુનિક લેબમાં ઈન્ટર્નશીપ કરવાની તક મળશે.

# સીબીએસઈ ધો.૧૦ના પરિણામમાં ૪ વિદ્યાર્થીઓને ૪૯૯ માર્કસ

ન્યુ દિલ્હી, તા.૩૦

સીબીએસઈ બોર્ડ ધોરણ-૧૦નું પરિણામ ૨૯મીએ જાહેર કરાયું છે. રિઝલ્ટ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓ સીબીએસઈની ઓફિસિયલ વેબસાઈટના માધ્યમથી આ પરિણામ જાહેર કરાયું હતું. સીબીએસઈ બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષા પાંચમી માર્ચના રોજ શરૂ થઈ હતી. આ પરીક્ષા ચોથી એપ્રિલના રોજ પૂરી થઈ હતી.

આ વર્ષે ૧૬ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ વર્ષે ૧૦માં ધોરણની બોર્ડની પરીક્ષામાં ૮૬.૭૦ ટકા પાસ પર્સેન્ટેજ છે. પ્રખર મિત્તલ, રિમઝિમ અગ્રવાલ, નંદિની ગર્ગ અને શ્રીલક્ષ્મી ૫૦૦માંથી ૪૯૯ અંક સાથે પ્રથમ આવ્યા છે.

વિસ્તાર પ્રમાણે પરીણામની વાત કરીએ તો આ વર્ષે ત્રિવેંદ્રમ ૯૯.૬૦ ટકા સાથે પ્રથમ, ૯૭.૭૩ ટકા સાથે ચેન્નાઈ બીજા અને ૯૧.૮૬ ટકા સાથે અજમેર ત્રીજા ક્રમ પર છે. ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં આ વર્ષે દિવ્યાંગ છાત્રોમાં ૪૮૯ અંક સાથે અનુષ્કા અને સાન્યા ગાંધી પ્રથમ સ્થાન પર તો સૌમ્યદીપ પ્રધાન ૪૮૪ અંક સાથે ત્રીજા સ્થાન પર છે.

બોર્ડમાં ટોપ કરવાવાળા ૪ વિદ્યાર્થીઓમાંથી ૩ વિદ્યાર્થીનીઓનો સમાવેશ છે. ડીપીએસ ગુડગાંવના પ્રખર મિત્તલ, આરપી પબ્લિક સ્કૂલ-બિઝનૌરની રિમઝિમ અગ્રવાલ, સ્કોટિશ ઈન્ટરનેશનલ સ્કૂલ-શામલની નંદિની ગર્ગ અને ભવાની વિદ્યાલય કોચિનની શ્રીલક્ષ્મીએ ધો.૧૦ની પરીક્ષામાં ટોપ કર્યું છે. આ તમામ વિદ્યાર્થીઓએ ૫૦૦માંથી ૪૯૯ માર્કસ મેળવ્યા છે. ધો.૧૦ની પરીક્ષા આ વર્ષે ૫ માર્ચથી ૧૨ એપ્રિલ દરમિયાન દેશભરમાં ૪૪૫૩ પરીક્ષા કેન્દ્રો પર લેવાઈ હતી. વિદેશમાં ધો.૧૦ના કુલ ૭૮ પરીક્ષા કેન્દ્ર હતા. આ વર્ષે કુલ ૧૬,૩૮,૪૨૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. જેમાં ૬,૭૧,૧૦૩ છોકરીઓ અને ૯,૬૭,૩૨૫ છોકરાઓનો સમાવેશ હતો.

### ગણિતનું પેપર ૮મી જુલાઈના દિવસે સવારે

# ધોરણ-૧૦ની પૂરક પરીક્ષા જુલાઈ માસમાં

ગાંધીનગર, તા.૩૦

માર્ચ-૨૦૧૮માં લેવામાં આવેલી ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ ૨૮મીએ જાહેર કરવામાં આવ્યું હતું. માર્ચ-૨૦૧૮ની પરીક્ષામાં સુધારણાને પાત્ર વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. પૂરક પરીક્ષા માટે દરેક જિલ્લા માટે પરીક્ષાનું એક જ કેન્દ્ર રાખવામાં આવ્યું છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ની પુરક પરીક્ષા જુલાઈ ૨૦૧૮માં લેવામાં આવશે. છઠ્ઠી જુલાઈના દિવસે ગુજરાતી પ્રથમ ભાષાનું પેપર લેવામાં આવશે જ્યારે એજ દિવસે વિજ્ઞાન અને ટેકનોલોજીનું પેપર પણ લેવામાં આવશે. જો કે, સમય જુદા જુદા રાખવામાં આવ્યા છે. ગુજરાતીનું પેપર સવારે ૧૦.૦૦થી ૧.૨૦ વાગ્યા સુધી લેવામાં આવશે જ્યારે વિજ્ઞાન ટેકનોલોજીનું પેપર બપોરે ૩.૦૦ વાગ્યાથી ૬.૨૦ વાગ્યા સુધી લેવામાં આવશે. આવી જરીતે ૭મી જુલાઈના દિવસે સવારે સામાજિક વિજ્ઞાનનું અને બપોરે અંગ્રેજી દ્વિતીય ભાષાનું પેપર લેવામાં આવશે. ૮મી જુલાઈ રવિવારના દિવસે ગણિતનું પેપર સવારે લેવામાં આવશે જ્યારે બપોરે દ્વિતીય ભાષાનું પેપર લેવામાં આવશે. ૯મી જુલાઈના દિવસે ગુજરાતી દ્વિતીય ભાષાનું પેપર લેવામાં આવશે. તમામ વિષયોની પરીક્ષા બે ભાગમાં લેવામાં આવશે. પ્રથમ ભાગમાં પ્રશ્નપત્રનો ભાગ એ રહેશે જેમાં બહુવિકલ્પ પ્રકારના ૫૦ પ્રશ્નો રહેશે. આનો સમયગાળો ૬૦ મિનિટનો રહેશે. પૂરક પરીક્ષાના કેન્દ્રોની યાદી જાહેર કરવામાં આવી ચુકી છે. જે વિદ્યાર્થી પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા ઈચ્છુક નથી તે વિદ્યાર્થીઓના નામની સામે લાલ શાહીથી નોંધણી કરવાની રહેશે. પૂરક પરીક્ષાની ફી ડિમાન્ડનો ડ્રાફ્ટ સચિવ શ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરનો શાખાનો કાઢવાનો રહેશે. સુધારણાને અવકાશ હોય તેવા વિદ્યાર્થીઓની પ્રાયોગિક પૂરક પરીક્ષા જે તે શાળાએ જુલાઈ માસમાં લેવાની રહેશે. પ્રશ્નપત્ર પણ શાળા કક્ષાએથી જ કાઢવામાં આવશે. મેળવેલા ગુણ બોર્ડની કચેરીમાં સુપરત કરવા પડશે. તમામ વિષયોની પરીક્ષા બે ભાગમાં લેવામાં આવશે.

### પૂરક પરીક્ષા કાર્યક્રમ...

- છઠ્ઠી જુલાઈ સવારે ૧૦-૧.૨૦માં ગુજરાતી પ્રથમ ભાષા તથા અન્ય ભાષાની પરીક્ષા
- છઠ્ઠી જુલાઈના દિવસે બપોરે ૩-૬.૨૦માં વિજ્ઞાન ટેકનોલોજી (૧૧)ની પરીક્ષા
- ૭મી જુલાઈએ સવારે ૧૦-૧.૨૦માં સામાજિક વિજ્ઞાન (૧૦)ની પરીક્ષા
- ૭મી જુલાઈએ બપોરે અંગ્રેજી દ્વિતીય ભાષાનું પેપર રહેશે
- ૮મી જુલાઈ સવારે ૧૦.૦૦-૧.૨૦ વાગે ગણિત વિષયનું પેપર અને બપોરે ૩-૬.૨૦માં દ્વિતિય ભાષા (૧૩)
- ૯મી જુલાઈ સવારે ૧૦-૧.૨૦માં ગુજરાતી દ્વિતીય ભાષાનું પેપર રહેશે

# સ્વયંશિસ્ત થકી જક્કી ધાર્મિકતા નહીં પરંતુ ખુલ્લા આકાશ જેવો આધ્યાત્મવાદ સ્વીકારીએ

## રૂઢિચુસ્ત-ધર્મવાદી ન હોઈને આપણે જો માત્ર આધ્યાત્મવાદી બની શકીએ તો પણ વિશ્વશાંતિના પ્રયાસોમાં આપણું આગવું યોગદાન કહેવાશે

છેલ્લા ઘણા દિવસોથી આપણી સરહદ પર ઊચાટનું વાતાવરણ છે. સમાચારોમાં મોર્ટારમારો, ગોળીબાર અને રોજના અનેક સૈનિકોની શહીદીના સમાચારોથી દિલ ધ્રુજી ઊઠે છે. નિર્દોષ ગામવાસીઓને ઘર ખાલી કરવા પડ્યા છે. અનેક નિર્દોષ નાગરિકો વિનાકારણ મોતને ભેટે છે. આપણા દેશ તરફથી રમઝાનને અનુલક્ષીને આતંકવાદીઓ સામે યુદ્ધવિરામ જાહેર કરવા છતાં આ પરિસ્થિતી સર્જાઈ છે.

આપણા વડાપ્રધાન સોશિયલ મીડિયા, ટ્વિટર પર ટ્વીટ કરી આપણા મુસ્લિમ ભાઈબંધુઓને ઉર્દૂમાં રમઝાનની મુબારકબાદી પાઠવે છે અને રમઝાનનું મહત્વ સમજાવતો તેઓનો વિડીયો પણ ટ્વીટર પર મુકાયેલ છે.

આ બધા વિરોધાભાસોથી મગજ ઘેરાયેલું હતું જ, એવામાં સેક્ટર-૨૧માં વર્ષોથી કેરીનો વ્યવસાય કરતા રહીમચાચાને ત્યાં જવાનું થયું. ખૂબ પ્રમાણિક, કડક અને શિસ્તના આગ્રહી એવા રહીમચાચાને વર્ષોથી એકધારી રીતે કામ કરતાં જોયા છે. એ દિવસે તેઓ દુકાન પર ન હતા. વાત કરતાં ખબર પડી કે રોજા રાખે છે એટલે ઘરે જવા નીકળી ગયા અને એ પણ બસમાં. વધુ વિગત પૂછતાં ખબર પડી કે ચાર મોટા સંતાનોના પિતા એવા રહીમચાચા પોતાના સંયુક્ત પરિવાર સાથે વર્ષોથી અમદાવાદમાં રહે છે. છતાં ૧૯૯૧થી અહીં દર વર્ષે કેરીની સીઝનમાં ગાંધીનગરવાસીઓને કેરીના વ્યવસાય થકી કેરી ખવડાવવા ખાસ આવે છે. અહીં આ નગરમાં વસતા લોકો સાથે એમને પારિવારિક સંબંધો છે. એમના પરિવારનો મુખ્ય વ્યવસાય જુદો છે, પણ કેરીની સીઝનમાં ગાંધીનગરમાં આવીને કેરીનું વેચાણ કરવું એ એમના શોખનો વિષય છે. સંસ્કારી-પાક મુસ્લિમ પરિવાર અને તેઓની મરજી સાચવતા ચાર મોટા દીકરાઓ સાથે ખૂબ સુખચેનથી જીવન જીવે છે અને અલ્લાહનો આભાર માને છે.

આટલી વાતથી મારી ઉત્સુકતા ઓર વધી ગઈ. અત્યારે પવિત્ર રમઝાન માસ ચાલે છે. રમઝાન માસ અને મુસ્લિમ સંસ્કૃતિનો પરિચય મેળવવાની ઈચ્છા થઈ આવી. બીજા એક પાક મુસ્લિમ બિરાદર અને મિત્ર એવા રહેમાનભાઈ મોમીન સાથે આ વિષયે સરસ વિમર્શ કરવાની તક મળી. તમને પણ જાણવું ગમશે- તેમણે જણાવ્યું ; ઈસ્લામ ધર્મમાં મુખ્ય પાંચ સ્તંભ છે. (૧) ઈમાન (૨) નમાજ (૩) રોજા (૪) ઝકાત (૫) હજ. પહેલા ત્રણ દરેક મુસ્લિમ માટે ફરજીયાત છે. બાકીના બે દરેકની આર્થિક અનુકૂળતા પર નિર્ભર છે.

પ્રથમ ઈમાનનો અર્થ સમજવાની મને જરૂર ન લાગી, આપણા બધા માટે પણ આ શબ્દનું પાલન ફરજીયાત જ છે. છે ને ? શું કહો છો ? નમાજ દિવસમાં પાંચ સમયે પઢવામાં આવે છે. સવાર-બપોર-સાંજ-સૂર્યાસ્ત અને રાત્રે. નમાજના ત્રણ પ્રકાર- ફરજ નમાજ, સુન્નત નમાજ અને નફીલ એટલે કે નફાની નમાજ. નમાજમાં અલગ-અલગ સમયે અલગ-અલગ સંખ્યામાં રકાત નો સમાવેશ થતો હોય છે. જે રકાતમાં કુરાનની સુરત પઢવામાં આવે છે. ૪,૧૨,૮,૭,૧૭ રકાત સામાન્ય રીતે હોય છે. રમજાન માસમાં એમાં ઉમેરણ થાય છે. ફરજ નમાજ ઈમામ પઢાવે છે.

રોજાનો ઉપવાસ પ્રત્યેક મુસ્લિમ માટે ફરજીયાત છે. જે નથી કરતાં એ ગુમરાહી છે એવું તેઓ માને છે. વહેલી સવારે પરોઢીએ થી ઉપવાસ શરૂ થાય છે. સૂર્યાસ્ત પછી એ ઉપવાસ પૂર્ણ થાય છે. દિવસ દરમિયાન પાણી પણ વર્જ્ય હોય છે. આટલી ગરમીમાં આવા ઉપવાસ કેવી રીતે શક્ય બને છે ? એમ પૂછતાં એમણે વૈજ્ઞાનિક રીતે સમગ્ર વાત સમજાવી.

મુસ્લિમ કેલેન્ડર ચંદ્રની ગતિ પ્રમાણે ચાલે છે. તેમનું વર્ષ ૩૫૪ દિવસનું હોય છે. એટલે અંગ્રેજી કેલેન્ડર સાથે તાલ મિલાવવામાં ૧૧ દિવસની ઘટ પડે છે. એટલે આ રમજાન માસ દર વર્ષે ૧૧ દિવસ વહેલો આવતો જાય છે. ૩૦ વર્ષે આ સાયકલ પૂરી થાય છે. આ વાતમાં એમના અવાજમાં જે આશ્વાસન હતું એ એ હતું કે, હવે ૨-૩ વર્ષ જ ગરમીમાં રમજાન માસ આવશે, પછી વાંધો નહીં આવે. એમની વિચારસરણી અને જાણકારી બંને ખૂબ હૃદયસ્પર્શી રહ્યા.

ઈફ્તાર પાર્ટીઓ વિશે પૂછતાં તેઓ કહે છે કે, "એ બધુ તો નવા જમાનાનો દેખાડો છે.





સામાન્ય મુસ્લિમને એમાં કોઈ લેવા દેવા નથી હોતી." "અમીરને પણ ભૂખનો અહેસાસ થાય એથી ધર્મનાં નામે રોજાના ઉપવાસનું મહત્વ ઘડાયું છે. રોજા એટલે ભૂખ્યા-તરસ્યા રહેવું એવું નથી માત્ર." તેઓ કહે છે કે, "આંખ, કાન, મોં, બધાનું રોજું રાખવાનું હોય છે. ખરાબ-ખોટું બોલાય નહીં...જોવાય નહીં...સંભળાય નહીં, કરાય નહીં." આ વાત આવતાં જ મેં રમજાનમાં સરહદની સ્થિતીની વાત અને લોહીના સંગ્રામની વાત છેડી ત્યારે એમણે કહ્યું કે, "એ બધા મુસ્લિમ માત્ર કહેવાના છે. અમે એમને સાચા મુસ્લિમ માનતાં જ નથી. આ બધી સત્તાની સાઠમારીમાં ધર્મ ખોટો બદનામ થાય છે." ખૂબ સ્પર્શી ગઈ એમની વાત. વિધર્મી હોવા છતાં આપણે સૌ ખૂબ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉછર્યા છીએ. કલા, કૌશલ્ય અને ધાર્મિકતાથી ભરપૂર મુસ્લિમમિત્રો જીવનનું અભિન્ન અંગ રહ્યા છે. ત્યારે આવા ખોફનાક સમાચારો લાગણીઓને હચમચાવી દે છે. ભાગલા પાડો અને રાજ કરોની નીતિથી માણસ, માણસનો દુશ્મન બની રહ્યો છે. એને દુશ્મન બનાવવામાં આવી રહ્યો છે. આ વાસ્તવિકતા દુનિયામાં બધા સમજે અને અપનાવે એવી સ્થિતી કલ્પવી એ થોડું અઘરૂં છે કદાચ પરંતુ સતયુગની આશા રાખવાનો, રાહ જોવાનો આપણો અધિકાર કોણ છીનવી શકે !!!

ઈસ્લામ ધર્મની ઉમદા ફિલોસોફીના એક પછી એક પાસાઓની જાણકારી મેળવવી એક લ્હાવો બની ગયો, જ્યારે એમણે ઝકાતની વાત કરી ત્યારે ખૂબ આનંદ થયો. ઝકાત- એને આપણે સાદી ભાષામાં જકાત તરીકે પણ સમજી શકીએ. સાહિદ-એ-નિશાત સંપન્ન વ્યક્તિ દરેક માટે પોતાની બચતના ૨.૫ ટકા એટલે કે બચતનો ૪૦ મો ભાગ દાન પેટે ખર્ચવો ફરજીયાત છે. જરૂરિયાતમંદ માટે વપરાતા આ હિસ્સા પર પહેલો અધિકાર ભાઈ-ભાંડુનો, પછી પડોશીનો અને ત્યારબાદ કોઈપણ માટે એની જાણ બહાર એ વાપરી શકાય છે. આમાં પણ નૈતિકતાની પરીક્ષા હોય છે. જે દરેક મુસ્લિમ પરિવાર ખૂબ નિભાવે છે. સલામ કહેવાનું મન થઈ આવે એવી આ સંસ્કૃતિમાં 'અલ્લાહ'-ભગવાનની પ્રાર્થનાનું જ મહત્વ છે. મૂર્તિ પૂજા નિષેધ છે.



હિંદુ ચાર વેદની જેમ મુસ્લિમ ધર્મગ્રંથ કુરાન પણ સ્મૃતિ સાહિત્ય છે. જેને આસમાની કિતાબ પણ કહે છે. મેસેજ ઓફ ગોડ-જે પયગંબર સાહેબને, અલ્લાહની 'વહી' દ્વારા મળ્યા, એ સંદેશાઓનું સંકલન એટલે કુરાન. કુરાનને તેઓ હિદાયતની કિતાબ પણ કહે છે.

રમઝાન મહિનાના અંતમાં આવતી ઈદ એ રમઝાન ઈદ. જ્યારે એના સવા બે મહીના પછી બકરી ઈદ આવે છે, જે હજની ઈદ પણ કહેવાય છે. આ ઈદ જ માત્ર આ સંસ્કૃતિના મોટા તહેવારો છે.

એક સમય હતો જ્યારે દરેક ફિલ્મની શરૂઆતમાં તેનું ટાઈટલ અંગ્રેજી, હિન્દી અને ઉર્દૂમાં લખેલું જોવા મળતું. ઘણી ફિલ્મોમાં શરૂઆતમાં એક ઉર્દૂ પંક્તિ સાંભળવા મળતી "મુદ્દઈ લાખ બુરા ચાહે તો ક્યા હોતા હૈ, વોહી હોતા હૈ જો મંજૂરે ખુદા હોતા હૈ". મુસ્લિમ પહેરવેશ, તહેજીબ ધરાવતી, મુસ્લિમ બેકડ્રોપ વાળી ફિલ્મોનો એક જમાનો હતો. ૧૯૩૦માં આવેલી 'પુકાર' ફિલ્મથી આપણે ઉર્દૂ અને ઈસ્લામિક પૃષ્ઠભૂમિ ધરાવતી ઘણી યાદગાર ફિલ્મો માણવા મળી અને આપણે આ સંસ્કૃતિના પાર્ટ બન્યા. 'મુગલ-એ-આઝમ', જહાનઆરા, બહુ-બેગમ, પાકીઝા, લૈલા-મજનૂ, નિકાહ, ઉમરાવજાન, મમ્મો, ઝુબૈદા, ફીઝા, ફીતુર જેવી અનેક રોમેન્ટીક અને કોમી એખલાસને પડકારતી ફિલ્મો થકી આપણે ઉર્દૂ ભાષાની શાલીનતા અને મુસ્લિમ સંસ્કૃતિમાં વણાયેલ શિસ્ત-સભ્યતા ને જાણી,માણી અને પ્રમાણી શક્યા.

રમઝાન માસ અને અધિક માસનો અત્યારે સુભગ સમન્વય ચાલી રહ્યો છે. ચારેકોર પાઠ-પૂજા અને બંદગીનો માહોલ છે. ત્યારે થોડી વાત અધિક માસની પણ કરવાનું મન થઈ આવે છે. વૈજ્ઞાનિક ગણતરીમાં ન પડીએ તો પણ અધિક માસ વિશે ઘણી પૌરાણિક વાતો જાણવા મળે છે. કુતુહલવશ પૃચ્છા કરતાં નવા દૃષ્ટિકોણ વાળું એક સુંદર તથ્ય જાણવા મળ્યું...

વર્ષના બાર મહિના...એમાં દરેક માસના પોતાના અધિષ્ઠાતા દેવ હોય છે, અને દરેક માસને સૂર્યસંક્રાંતિ પણ હોય છે. અધિક માસને બન્નેમાંથી એક પણ લાભ નહોતો તેથી એ મળ માસ તરીકે ઓળખાતો. દુઃખ વશ એણે ઈશ્વરની ઉપાસના અને તપ કરી ઈશ્વરને પ્રસન્ન કરતાં ઈશ્વરે એને પોતાનું નામ આપ્યું, તેથી એ પુરુષોતમ માસ કહેવાયો અને સાથે વરદાન આપતાં કહ્યું 'અધિકસ્ય અધિકં ફલમ્'. પુરુષોતમ માસમાં થતાં દરેક પુણ્ય કાર્યનું ફળ બમણું થાય છે ત્યારથી આ માસનું માહાત્મ્ય ખૂબ વધ્યું.

> દરેક ધર્મનો ઉદેશ એકમાત્ર માનવતા, કરૂણતા, ભાઈચારો અને પ્રેમ જ છે. દુનિયાના દરેક ધર્મ પાસે પોતાનો ઈતિહાસ, ધર્મ ગ્રંથો અને ધર્મગુરુઓ છે. ક્યારેક લાગે છે, રૂઢિચુસ્ત-ધર્મવાદી [illegible] ન હોઈને આપણે જો માત્ર આધ્યાત્મવાદી **Spiritualist** બની શકીએ તો પણ વિશ્વશાંતિના પ્રયાસોમાં આપણું આગવું યોગદાન કહેવાશે. આપણે ભારતવાસીઓ એવા દેશમાં વસીએ છીએ જ્યાં દરેક ધર્મનું સન્માન છે, આદર છે અને દરેકને એની સંસ્કૃતિને જીવંત રાખવાની, વિકસાવવાની પૂરતી તકો છે. મહાત્મા ગાંધીજીના આધ્યાત્મવાદના નેતૃત્વમાં આપણે આઝાદી મેળવી છે. સ્વયંશિસ્ત થકી જક્કી ધાર્મિકતા નહીં પરંતુ ખુલ્લા આકાશ જેવો આધ્યાત્મવાદ સ્વીકારીએ; જ્યાં ભાઈચારો અને ઈન્સાનિયતનો કાયમી વસવાટ હોય